::- **નમુનો ''અ''**-::

| નર્મદાનાં મહે.સ્પેશ્યલ જજ સાહેબની અદાલત સમક્ષ,મુ.રાજપીપળા<br>શ્રી એ.વી.હિરપરા, સ્પેશ્યલ જજ, નર્મદા,મુ.રાજપીપળા | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૧/૦૮/૨૦૨૬ |
| ફોજદારી કેસ સંખ્યા | **સ્પે.(પોકસો) કેસ નં. ૩૫/૨૦૨૧ સાથે ૨૨/૨૦૨૫** |
| ::- **ગુનાની વિગત** -:: | |
| ગુનાની કલમ | ઈ.પી.કો.કલમ-૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન) તથા પોકસો એકટ ની કલમ-૪,૬,૯ તથા ૧૦ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૮૨૩૦૨૫૨૧૦ ૩૭૬/૨૦૨૧ |
| પોલીસ સ્ટેશન | ગરૂડેશ્વર પોલીસ સ્ટેશન,જી.નર્મદા |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.સ્પે.પી.પી.શ્રી જે.જે.ગોહિલ |
| આરોપીપક્ષ | (૧) વિપુલભાઈ ગોરધનભાઈ તડવી ઉ.વ.૨૦<br>રહે.કુંભીયા(કસુમ્બીયા),તા.ગરૂડેશ્વર,જી.નર્મદા.<br>(૨) રઘુભાઈ પુનાભાઈ તડવી ઉ.વ.૩૦<br>રહે.કારેલી,તા.ગરૂડેશ્વર,જી.નર્મદા |
| રજુઆત | આરોપી નં.૧ તરફે વિ.વકીલ શ્રી કે.જે.તડવી<br>આરોપી નં.૨ તરફે વિ.વકીલ શ્રી ડી.કે.પંચોલી |

::- **નમુનો ''બ''**-::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૦/૧૧/૨૦૨૦ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૨૦/૦૮/૨૦૨૧ |
| આખરી અહેવાલની તારીખ | ૧૩/૧૦/૨૦૨૧ |
| તહોમતનામાની તારીખ | ૦૧/૧૨/૨૦૨૧ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૫/૦૭/૨૦૨૨ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૧/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૧/૦૮/૨૦૨૬ |
| સજા/હુકમની તારીખ(લાગુ પડે તો) | ૧૧/૦૮/૨૦૨૬ |

::- **આરોપીની વિગત**-::

| | |
|---|---|
| આરોપીનું નામ | (૧) વિપુલભાઈ ગોરધનભાઈ તડવી ઉ.વ.૨૦<br>રહે.કુંભીયા(કસુમ્બીયા),તા.ગરૂડેશ્વર,જી.નર્મદા.<br>(૨) રઘુભાઈ પુનાભાઈ તડવી ઉ.વ.૩૦<br>રહે.કારેલી,તા.ગરૂડેશ્વર,જી.નર્મદા |
| ધરપકડની તારીખ | આરોપી નં.૧ તા.૨૧/૦૮/૨૦૨૧<br>આરોપી નં.૨ તા.૨૮/૦૭/૨૦૨૫ |
| જામીન મુકિત તારીખ | આરોપી નં.૧ તા.૦૮/૦૯/૨૦૨૧<br>આરોપી નં.૨ હાલ જયુ.કસ્ટડી |
| તહોમત | ઈ.પી.કો.કલમ-૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન) તથા પોકસો એકટ ની કલમ-૪,૬,૯ તથા ૧૦ મુજબ. |
| શું નિર્દોષ છોડયું / સજા કરી | નિર્દોષ ઠરાવેલ |
| કરવામાં આવેલ સજા | લાગુ નથી |
| સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૪ ની કલમ-૪૬૮ મુજબ | લાગુ નથી |

| | | |
|---|---|---|
| GJNR010009552021 | દાખલ તારીખ : | ૧૩/૧૦/૨૦૨૧ |
| | રજીસ્ટર તારીખ : | ૧૩/૧૦/૨૦૨૧ |
| | ફેસલ તારીખ : | ૧૧/૦૮/૨૦૨૬ |
| | સમયગાળો : | વર્ષ-૦૪, માસ-૦૯, દિવસ-૨૯ |

सत्यमेव जयते

---

નર્મદા જીલ્લાનાં મહે.સ્પેશ્યલ જજ સાહેબની અદાલત સમક્ષ,મુકામ-રાજપીપળા.

---

**સ્પે.(પોકસો) કેસ નં. ૩૫/૨૦૨૧**
**સાથે પોકસો કેસ નં.૨૨/૨૦૨૫**

આંક-

ફરીયાદી :- શ્રી સરકાર

:- વિરૂદધ -:

આરોપીઓ :-(૧) વિપુલભાઈ ગોરધનભાઈ તડવી ઉ.વ.૨૦
રહે.કુંભીયા(કસુમ્બીયા),તા.ગરૂડેશ્વર,જી.નર્મદા.

(૨) રઘુભાઈ પુનાભાઈ તડવી ઉ.વ.૩૦
રહે.કારેલી,તા.ગરૂડેશ્વર,જી.નર્મદા

---

ગુનો:- ઈ.પી.કો.કલમ-૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિ.૨૦૧૨ ની કલમ-૪,૬,૯ તથા ૧૦ મુજબ.

---

ફરીયાદપક્ષ તરફે વિ.સ્પે.પી.પી.શ્રી જે.જે.ગોહિલ
આરોપી નં.૧ તરફે વિ.વકીલ શ્રી કે.જે.તડવી
આરોપી નં.ર તરફે વિ.વકીલ શ્રી ડી.કે.પંચોલી(એલ.એ.ડી.સી.)

---

:- **ઠરાવ** -:

૧) ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનાર (જન્મ તા.૧૧/૧૧/૨૦૦૩, બનાવ સમયે ઉમર ૧૭ વર્ષ,૯ માસ અને ૯ દિવસ) એક વર્ષ ઉપર મોજે કુંભીયા

(કસુમ્બીયા)ગામે દુકાનનો માલસામાન લેવા જતી હતી તે વખતે આ કામના આરોપી નં.૧ નાએ તેણી સગીર વયની હોવાનુ સારી રીતે જાણતા હોવા છતા કારેલી થી કુંભીયા (કસુમ્બીયા)જતા રસ્તામા તેણીને રોકી,પટાવી,ફોસલાવી,લલચાવી,ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી તેણીનુ અપહરણ અપનયન કરી આરોપી નં.૧ નાએ પોતાના ખેતરમાં લઈ જઈ અવારનવાર ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીરી સુખ માણી બળાત્કાર કરી તેમજ આરોપી નં.૨ નાએ પણ ભોગબનનાર તેણી સગીર વયની હોવાનું જાણવા છતા આરોપી નં.૨ નાએ તેણીને પોતાનીપ્રેમજાળમાં ફસાવી,લલચાવી,ફોસલાવી,લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી તેણીનું અપહરણ અપનયન કરી ભોગબનનાર ને મોજે કારેલી ગામના ખેતરમા ભગાડી લઈ જઈ ભોગબનનાર સાથે તેણીની મરજી વિરુધ્ધ અવારનવાર શારીરીક સંબંધ બાંધી બળાત્કાર કરી ભોગબનનારને ગર્ભવતી બનાવી બાળકી ને જન્મ અપાવી ગુનો કરતા આ બાબતે ગરૂડેશ્વર પો.સ્ટે.ગુ.ર.નં.પાર્ટ–એ.૧૧૮૨૩૦૨૫૨૧૦ ૩૭૬/૨૦૨૧ થી ઈ.પી.કો.કલમ–૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિ.૨૦૧૨ ની કલમ–૪,૬,૯ તથા ૧૦ મુજબનો ગુનો નોંધાતા તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી,આરોપી નં.૧ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય,આરોપી નં.૧ ની તા.૨૧/૦૮/૨૦૨૧ ના રોજ ધરપકડ કરી,જરૂરી પંચનામા કરી, પંચનામાની વિગતે મુદામાલ કબજે કરી,ભોગબનનારનાં જન્મ તારીખ અંગે નાં દસ્તાવેજી પુરાવા મેળવી કબજે કરી તથા વિશેરા એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલી ,એફ.એસ.એલ. રીપોર્ટ મેળવી મેળવી આરોપી નં.૧ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય અત્રેની સ્પે.કોર્ટમાં તા.૧૩/૧૦/૨૦૨૧ ના રોજ આક્ષેપીત ગુનાનુ ચાર્જસીટ રજુ કરતા તેને સ્પે.પોકસો કેસ નં. ૩૫/૨૦૨૧ આપવામા આવેલ છે,ત્યારબાદ આ ગુનાના કામે આરોપી નં.૧ નું ડી.એન.એ. ભોગબનનારના બાળક સાથે મેચ થતુ ન હોય જેથી તે આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધી તેણીને ગર્ભવતી બનાવી દીધેલ તેના વિરૂધ્ધમાં બી.એન.એસ.એસ. ની કલમ–૧૯૩(૩) મુજબનો પોલીસ રીપોર્ટ કરવા આંક–૬૭ લગત હુકમ કરવામા આવતા તપાસના અંતે પોલીસે આરોપી નં.૨ ની તા.૨૮/૭/૨૦૨૫ ના રોજ ધરપકડ કરી આરોપી નં.૨ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય અત્રેની સ્પે.કોર્ટમાં તા.૨૫/૮/૨૦૨૫ ના રોજ આક્ષેપીત ગુનાનુ પુરવણી ચાર્જસીટ રજુ કરતા તેને સ્પે.પોકસો કેસ નં.૨૨/૨૦૨૫ આપવામા આવેલ છે.આમ, આ

બંને કેસો એક જ બનાવમાંથી ઉદભવેલા હોય,બંને કેસો અલગઅલગ ચલાવવાથી પરસ્પર વિરોધી ચુકાદાઓ આવવાની શકયતા રહેલ હોય અને પુરાવાનુ પણ રીપીટેશન થવાની શકયતા રહેલ હોય જેથી પોકસો કેસ નં.૩૫/૨૦૨૧ સાથે પોકસો કેસ નં.૨૨/૨૦૨૫ ને કોન્સોલીટેડ કરી સાથે ચલાવવાનો અને પોકસો કેસ નં.૩૫/૨૦૨૧ ને મુખ્ય કેસ ગણવા અને પોકસો કેસ નં. ૩૫/૨૦૨૧ મા બંને કેસોનો પુરાવો અને પ્રોસીડીંગ નોંધવાનો તા.૨૮/૧/૨૦૨૬ ના રોજ ચાર્જસીટ આંક–૧ તથા ફરીયાદપક્ષની આંક–૯ ની અરજી લગત સયુંકત હુકમ કરવામા આવેલ છે.

૨) આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપી નં.૧ તેમના તેના વિ.વ.શ્રી કે.જે.તડવી તથા આરોપી નં.ર તેમના વિ.વ.શ્રી ડી.કે.પંચોલી(એસ.એ.ડી.સી.) સાથે અત્રેની કોર્ટમા હાજર થયેલ છે અને આરોપીઓને ચાર્જસીટ તથા તે સાથેના તપાસના તમામ પેપર્સની વિનામૂલ્યે નકલો આપ્યા બાદ આરોપી નં.૧ સામે આંક–૫ થી આક્ષેપીત ગુનાનું તહોમતનામુ ફરમાવી તે વાંચી સંભળાવી સમજાવી આંક–૬ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા તથા આરોપી નં.ર સામે આંક–૭ થી આક્ષેપીત ગુનાનું તહોમતનામુ ફરમાવી તે વાંચી સંભળાવી સમજાવી આંક–૮ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ ગુનાની નાકબુલાત કરતા આ કેસ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવા પર પેન્ડિંગ રાખવામા આવેલ હતો.

૩) આ કેસનાં ન્યાયીક નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવે છે.

:– **મુદ્દા** –:

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકરીતે પુરવાર કરવામાં સફળ થયેલ છે કે,આ કામના ફરીયાદીની દિકરી ભોગબનનાર એક વર્ષ ઉપર મોજે કુંભીયા(કસુમ્બીયા)ગામે દુકાનનો માલસામાન લેવા જતી હતી તે વખતે આરોપી નં.૧ નાએ તેણીને કારેલી થી કુંભીયા (કસુમ્બીયા)જતા રસ્તામા તેણીને રોકી,પટાવી,ફોસલાવી,લલચાવી તેણીનુ અપહરણ કરી આરોપી નં.૧ નાએ પોતાના ખેતરમાં લઈ જઈ અવારનવાર ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીરી સુખ માણી બળાત્કાર કરી તેમજ આરોપી નં.ર નાએ પણ તેણીને પોતાની પ્રેમજાળમાં ફસાવી,લલચાવી,ફોસલાવી,લગ્ન કરવાની લાલચ આપી તેણીનું અપહરણ કરી ભોગબનનારને મોજે કારેલી ગામના ખેતરમા ભગાડી લઈ જઈ ભોગબનનાર સાથે તેણીની મરજી વિરુધ્ધ અવારનવાર શારીરીક સંબંધ બાંધી બળાત્કાર

કરી ભોગબનનારને ગર્ભવતી બનાવી બાળકીને જન્મ અપાવી ઈ.પી.કો.કલમ– ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું ફરીયાદપક્ષ નિ:શંકરીતે પુરવાર કરવામાં સફળ થયેલ છે કે,આ કામના ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનાર એક વર્ષ ઉપર કુંભીયા(કસુમ્બીયા) ગામે દુકાનનો માલસામાન લેવા જતી હતી તે વખતે આ કામના આરોપી નં.૧ નાએ તેણી સગીર વયની હોવાનુ સારી રીતે જાણતા હોવા છતા કારેલી થી કુંભીયા(કસુમ્બીયા)જતા રસ્તામા તેણીને રોકી,પટાવી,ફોસલાવી,લલચાવી,ફરીયાદીના કાયદેસરના વાલીપણા માંથી તેણીનુ અપહરણ અપનયન કરી આરોપી નં.૧ નાએ પોતાના ખેતરમાં લઈ જઈ અવારનવાર ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીરી સુખ માણી બળાત્કાર કરી તેમજ આરોપી નં.૨ નાએ પણ ભોગબનનાર તેણી સગીર વયની હોવાનું જાણવા છતા આરોપી નં.૨ નાએ તેણીને પોતાનીપ્રેમજાળમાં ફસાવી,લલચાવી,ફોસલાવી,લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી તેણીનું અપહરણ અપનયન કરી ભોગબનનારને મોજે કારેલી ગામના ખેતરમા ભગાડી લઈ જઈ ભોગબનનાર સાથે તેણીની મરજી વિરુધ્ધ અવારનવાર શારીરીક સંબંધ બાંધી બળાત્કાર કરી ભોગબનનારને ગર્ભવતી બનાવી બાળકીને જન્મ અપાવી જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિ.૨૦૧૨ ની કલમ–૪,૬,૯ તથા ૧૦ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**૩.** શું હુકમ ?

૪) <u>ઉપરોકત મુદાના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ આપું છું</u>.

૧) નકારમાં.

૨) નકારમાં.

૩) આખરી હુકમ મુજબ.

૫) ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનાં પુરાવા રજુ કરેલ છે.

મૌખિક પુરાવા:–

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી વિધાબેન ગુલાબભાઈ તડવીની જુબાની | ૯ |
| ૨ | ભોગબનનારની જુબાની | ૧૩ |
| ૩ | શાળાના આચાર્ય શ્રી દેવરાજસીંહ અજીતસીંહ ખેરની જુબાની | ૧૭ |
| ૪ | ડો.પ્રશાંત દિનેશભાઈ રાજવાલાની જુબાની | ૧૮(એ) |
| ૫ | ડો.વિમલ એસ.વસાવાની જુબાની | ૨૦ |
| ૬ | ફરીયાદ લેનાર પી.એસ.આઈ.મહંમદ ઈશાક ઈબ્રાહીમ શેખની જુબાની | ૩૦ |
| ૭ | ડો.નિધી મુકેશભાઈ બલસારાની જુબાની | ૩૬ |
| ૮ | પંચસાહેદ શંકરભાઈ ભાથુભાઈ બારીયાની જુબાની | ૩૮ |
| ૯ | પંચસાહેદ રતિલાલ નારણભાઈ તડવીની જુબાની | ૪૭ |
| ૧૦ | પંચસાહેદ ભરતભાઈ ગણપતભાઈ તડવીની જુબાની | ૫૦ |
| ૧૧ | ત.ક.અ.શ્રી દિલીપકુમાર બળવંતરાય શુકલની જુબાની | ૫૩ |
| ૧૨ | ડો.કુપાબેન અશોકકુમાર વસાવાની જુબાની | ૯૪ |
| ૧૩ | ત.ક.અ.શ્રી અરૂણભાઈ દિનુભાઈ ગામીતની જુબાની | ૧૦૦ |
| ૧૪ | પી.આઈ.શ્રી યોગરાજસીંહ હરીસીંહ પઢીયારની જુબાની | ૧૦૬ |
| ૧૫ | સાઈન્ટીફીક ઓફીસર શ્રી અશ્વિન અનિલભાઈ ગામીતની જુબાની | ૧૦૯ |

દસ્તાવેજી પુરાવા:–

| અનું નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૧ |
| ૨ | ભોગબનનારનું સી.આર.પી.સી.ક.૧૬૪ મુજબનું નિવેદન | ૧૪ |
| ૩ | શાળાના જનરલ રજી.ના ઉતારાની ખરીનકલ | ૧૮ |
| ૪ | પોલીસ યાદી | ૧૯ |
| ૫ | આરોપીનુ મેડીકલ સર્ટીફીકેટ | ૧૯(એ) |
| ૬ | શાળાએ ભોગબનનારની જન્મ તારીખ અંગે આપેલ પ્રમાણપત્ર | ૨૦ |
| ૭ | ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ | ૨૧ |
| ૮ | સ્ટેશન ડાયરીનો ઉતારો | ૩૧ |
| ૯ | ભોગબનનારનાં પેસ પેપર્સ | ૩૭ |
| ૧૦ | આરોપીના કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૩૯ |

| | | |
|---|---|---|
| ૧૧ | મુદામાલ પાર્સલમાંથી નિકળેલ પંચોની સહી વાળી કાપલીઓ | ૪૦ થી ૪૨ |
| ૧૨ | ભોગબનનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૪૩ |
| ૧૩ | મુદામાલ પાર્સલમાંથી નિકળેલ પંચોની સહી વાળી કાપલીઓ | ૪૪ થી ૪૬ |
| ૧૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૪૮ |
| ૧૫ | આરોપીને અટક કર્યાનું પંચનામુ | ૪૯ |
| ૧૬ | મુદામાલ એફ.એસ.એલ.માં મોકલ્યાની રવાનગી નોંધ | ૫૪ |
| ૧૭ | એફ.એસ.એલ.એ મુદામાલ સ્વીકાર્યાની પહોંચ | ૫૫ |
| ૧૮ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર | ૫૬ |
| ૧૯ | બાયોલોજી પરીક્ષણ અહેવાલ | ૫૭ |
| ૨૦ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર | ૬૦ |
| ૨૧ | ડી.એન.એ.પરીક્ષણ અહેવાલ | ૬૧ |
| ૨૨ | ડી.એન.એ.સર્ટીફીકેટ | ૯૫ |
| ૨૩ | પોલીસ યાદી | ૯૬ |
| ૨૪ | ડી.એન.એ.સર્ટીફીકેટ | ૯૭ |
| ૨૫ | પોલીસ યાદી | ૯૮ |
| ૨૬ | એફ.એસ.એલ.ને કરેલ યાદીઓ | ૧૦૧ થી ૧૦૩ |
| ૨૭ | આરોપી નં.૨ ના આધારકાર્ડની નકલ | ૧૦૪ |
| ૨૮ | મુદામાલ એફ.એસ.એલ.માં મોકલ્યાની રવાનગી નોંધ | ૧૦૭ |
| ૨૯ | ફોરવર્ડીંગ લેટર | ૧૧૦ |
| ૩૦ | ડી.એન.એ.પરીક્ષણ અહેવાલ | ૧૧૧ |
| ૩૧ | મુદામાલ મળ્યાની પહોંચ | ૧૧૨ |

૬) ત્યારબાદ સ્પે.પી.પી.શ્રીએ આંક-૧૧૩ થી કલોઝીંગ પુરશીષ રજુ કરી તેઓ ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ લેખીત કે મૌખિક પુરાવો રજુ કરવા માગતા નથી તેવી જાહેરાત કરતા ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ પુરાવા રજુ થઈ શકેલ નહી,ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે રેકર્ડ પર રજુ થયેલ પુરાવામાં વિરૂધ્ધના સંજોગો અંગે ખુલાસો કરવાની તક આપવાના હેતુથી ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૪ ની કલમ-૩૫૧ મુજબ આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધતા આરોપીઓએ પુછેલ પ્રશ્નોનાં જવાબમા પુછેલ હકીકતોની સ્પષ્ટપણે ઈન્કારી કરેલ છે અને વધુમાં પોતે જાતે પુરાવો આપવા માંગતા નથી અને બચાવમાં સાહેદો તપાસવા માંગતા નથી તેવી

હકીકત જાહેર કરી વિશેષમાં જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ અને અમોએ કહેવાતો ગુન્હો કરેલ નથી.

૭) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે ફરીયાદી,ભોગબનનાર,વિ.સ્પે.પી.પી.શ્રી જે.જે.ગોહિલ,આરોપી નં.૧ તરફે વિ.વ.શ્રી કે.જે.તડવી તથા આરોપી નં.ર તરફે વિ.વ.શ્રી ડી.કે.પંચોલી(એલ.એ.ડી.સી.)ની રૂબરૂ દલીલો સાંભળી.

ફરીયાદી તથા ભોગબનનાર તરફે મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓને આ કામે આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને હવે તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે તો તેઓને કોઈ વાંધો હરકત નથી.

૮) સરકારશ્રી તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામા આવેલ છે કે,ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનાર (જન્મ તા.૧૧/૧૧/૨૦૦૩, બનાવ સમયે ઉમર ૧૭ વર્ષ,૯ માસ અને ૯ દિવસ) એક વર્ષ ઉપર મોજે કુંભીયા (કસુમ્બીયા)ગામે દુકાનનો માલસામાન લેવા જતી હતી તે વખતે આ કામના આરોપી નં.૧ નાએ તેણી સગીર વયની હોવાનુ સારી રીતે જાણતા હોવા છતા કારેલી થી કુંભીયા (કસુમ્બીયા)જતા રસ્તામા રોકી,પટાવી,ફોસલાવી,લલચાવી, ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી તેણીનુ અપહરણ અપનયન કરી આરોપી નં.૧ નાએ પોતાના ખેતરમાં લઈ જઈ અવારનવાર ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીરી સુખ માણી બળાત્કાર કરી તેમજ આરોપી નં.ર નાએ પણ ભોગબનનાર તેણી સગીર વયની હોવાનું જાણવા છતા આરોપી નં.ર નાએ તેણીને પોતાનીપ્રેમજાળમાં ફસાવી,લલચાવી, ફોસલાવી,લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી તેણીનું અપહરણ અપનયન કરી ભોગબનનાર ને મોજે કારેલી ગામના ખેતરમા ભગાડી લઈ જઈ ભોગબનનાર સાથે તેણીની મરજી વિરુધ્ધ અવારનવાર શારીરીક સંબંધ બાંધી બળાત્કાર કરી ભોગબનનારને ગર્ભવતી બનાવી બાળકીને જન્મ અપાવી ઈ.પી.કો.કલમ-૩૬૩,૩૬૬, ૩૭૬(ર)(એન) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિ.૨૦૧૨ ની કલમ- ૪,૬,૯ તથા ૧૦ મુજબનો ગંભીર સમાજ વિરોધી ગુનો આચરેલ છે. ફરીયાદપક્ષ તરફે આરોપીઓ વિરૂધ્ધના સમાજ વિરોધી ગંભીર ગુના પુરવાર કરવા માટે કુલ ૧૫ સાહેદોને સોગંદ પર તપાસવામાં આવેલા છે અને આ સાહેદો એ પોતાના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન કુલ ૩૭

દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. વધુમાં ભોગબનનારના માતા તથા ભોગબનનાર જે ફરીયાદપક્ષના મહત્વના સાહેદો છે તેમનો સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લેતા તેઓને કેસ ચાલતા દરમ્યાન આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોય તેઓએ પોતાની પોલીસ ફરીયાદ તથા પોલીસ નિવેદનમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતી હકીકતો જણાવેલ નથી, પરંતુ તેમ છતા ભોગબનનારના માતા તથા ભોગબનનારનો સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લેતા તેઓએ બનાવ બન્યાની હકીકતને સમર્થન આપેલ છે.વધુમાં પંચસાહેદોએ પણ પોતાના પુરાવા થકી પંચનામાઓની હકીકતોને પુરતુ અને વ્યાજબી સમર્થન આપેલ છે.વધુમાં શાળાના આચાર્ય શ્રીનો પુરાવો તથા તેઓએ પોતાના પુરાવા દરમ્યાન રજુ કરેલ ભોગબનનારના જન્મ અંગેના દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા ભોગબનનારની જન્મ તા.૧૧/૧૧/૨૦૦૩ ની હોવાનું એટલે કે બનાવ સમયે ભોગબનનાર સગીર હોવાનુ જણાય આવે છે. તે જ રીતે ભોગબનનાર તથા આરોપીઓની મેડીકલ તપાસ કરનાર તબીબી અધિકારીઓનો સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લેતા તેનાથી પણ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે.તે જ રીતે ચાર્જસીટ કરનાર તેમજ ગુનાની તપાસ કરનાર પોલીસ અધિકારીનો સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લેતા તેઓએ ફરીયાદપક્ષના કેસને પુરતુ સમર્થન આપેલ છે, જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનાં આક્ષેપીત ગુનાઓ નિ:શંકપણે પુરવાર કરવામા સફળ થયેલા છે તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે અને તેથી આરોપીઓને આક્ષેપીત ગુનામા તકસીરવાન ઠરાવી વધુમાં વધુ કેદ અને દંડની શિક્ષા કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

૯) આરોપીઓ તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે,ફરીયાદપક્ષનાં સૌથી મહત્વનાં સાહેદો પૈકી ભોગબનનારનાં માતા ફરીયાદી તથા ભોગબનનારે ફરીયાદપક્ષનાં કેસ ને પોતાની ફરીયાદ હકીકતને કે પોલીસ નિવેદનની હકીકતોને બિલકુલ સમર્થન આપેલ નથી અને વધુમાં ફરીયાદી તથા ભોગબનનારને સ્પે.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે,ત્યારબાદ તેમ છતા પણ તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી, ત્યારે ફરીયાદપક્ષના સૌથી મહત્વના સાહેદ ફરીયાદી તથા ભોગબનનારએ જ ફરીયાદપક્ષના કેસને જયારે સમર્થન જ આપેલ નથી ત્યારે ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપીત ગુનાઓ નિ:શંકરીતે પુરવાર કરવામા સદંતર નિષ્ફળ ગયેલ છે તેમ માનવા વિનંતી કરેલ છે.વધુમાં તબીબી અધિકારીઓના પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને કોઈ ખાસ મદદ મળતી નથી. તેવી જ

રીતે પંચસાહેદોએ પણ પોતાના પુરાવા થકી પંચનામાઓની હકીકતોને સમર્થન આપેલ નથી. તેવી જ રીતે ચાર્જસીટ કરનાર તથા તપાસ કરનાર અમલદારનો સોગંદ ઉપરનો પુરાવો વચાણે લેતા તેઓને બનાવની કોઈ અંગત જાણકારી નથી તેઓએ માત્ર તેમની ફરજના ભાગરૂપે કરેલ તપાસની કાર્યવાહીને સમર્થનકારી હકીકતો જણાવેલ છે.વધુમાં આ કામે સાઈન્ટીક પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને કોઈ ખાસ મદદ મળતી નથી,આમ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપીત ગુના નિ:શંકપણે પુરવાર કરવામાં સદતંર નિષ્ફળ ગયેલ હોય અને આરોપીપક્ષ શકયતાઓની સંભવિતતાના આધારે પોતાનો બચાવ વ્યાજબી રીતે પુરવાર કરવામા સફળ રહેલા હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

:– **<u>કા ર ણો</u>** –:

**<u>મુદા નં.૧ થી ૨</u>** :–

૧૦) ભારતીય ફોજદારી ન્યાયશાસ્ત્રના પાયાના સિદ્ધાંત મુજબ આરોપી સામેના આક્ષેપિત ગુન્હાઓ નિઃશંક રીતે પુરવાર કરવા માટેની ખુબ જ ભારે જવાબદારી મુકવામાં આવેલ છે, જયારે આરોપી ઉપર તેનો બચાવ શક્યતાઓની સંભવવિતતાના આધારે પુરવાર કરવાની જવાબદારી નાંખવામાં આવેલી છે એટલે કે, આરોપી ઉપર તેનો બચાવ પુરવાર કરવાની જવાબદારીનો બોજો હળવો છે અને આરોપી પોતાનો બચાવ પુરવાર કરવા માટે પોતાનો બચાવ વ્યાજબી રીતે શક્યતાઓ પુરવાર કરીને પુરવાર કરવાનો છે,પરંતુ તે સાથે જાતિય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબતેના અધિનિયમ ૨૦૧૨ ની કલમ ૨૯ વંચાણે લેતા તેમાં અમુક ગુન્હાઓ અંગે માની લેવા બાબતે એટલે કે, અમુક ગુન્હાઓ અંગે અમુક હકીકતો બાબતે આરોપી વિરુદ્ધ અનુમાન કરવા માટેની જોગવાઇ થયેલી છે જેમાં જયાં, કોઇ વ્યક્તિને આ અધિનિયમની કલમ ૩, ૫, ૭ અને ૯ અન્વયેના કોઇ ગુન્હાને કરવાના અથવા તેવા ગુન્હાનું દુષ્પ્રેરણ કરવાના અથવા આવા ગુન્હાને કરવાના પ્રયત્ન કરવા માટે તેના ઉપર કાનૂની કાર્યવાહી કરવામાં આવે ત્યારે, સ્પેશીયલ કોર્ટ દ્વારા જયાં સુધી તેનાથી વિરુદ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી, એવું માની લેવામાં આવશે કે, આવા વ્યક્તિએ, યથાપ્રસંગ, એવો ગુન્હો કરેલ છે, દુષ્પ્રેરણ કરેલ છે, અથવા આવા ગુન્હાને કરવાનો પ્રયત્ન કરેલ છે, તેવી જ રીત કાયદાની કલમ ૩૦ વંચાણે લેતા તેમાં ગુન્હાહીત માનસિક સ્થિતિ અંગે માની લેવા બાબતે એટલે કે અનુમાન કરવા બાબતેની જોગવાઇ થયેલી છે, જેમાં **(૧)** આ અધિનિયમ અન્વયેના કોઇપણ ગુન્હા માટે કોઇપણ ઇન્સાફી કાર્યવાહી કરવામાં, કે જેમાં આરોપીની ગુન્હાહિત માનસિક સ્થિતિ આવશ્યક હોય ત્યારે, સ્પેશ્યલ કોર્ટ

આવી માનસિક સ્થિતિના અસ્તિત્વ અંગે અનુમાન કરશે, પરંતુ આરોપીને પોતાના બચાવમાં સાબિત કરવું પડશે કે, તેની માનસિક સ્થિતિ સાથે તેની સામે ચલાવવામાં આવતી ઈન્સાફી કાર્યવાહીમાં જે ગુન્હા માટે તેના ઉપર તહોમત મુકવામાં આવેલ છે, તેની સાથે તેની માનસિક સ્થિતિનો કોઇ સંબંધ રહેતો નથી. (૨) આ અધિનિયમના હેતુઓ માટે કોઇ હકીકતની સાબિતી ત્યારે જ ગણવામાં આવશે કે જયારે સ્પેશ્યલ કોર્ટના મંતવ્ય મુજબ કોઇપણ શંકા સિવાય આવું થયા હોવા અંગે વિશ્વાસ હોય અને માત્ર ત્યારે નહિ જયારે તે બન્યા હોવાની સંભવિતતાની પ્રબળતા દ્વારા સાબિત થયેલ હોય. વધુમાં આ કલમના સ્પષ્ટીકરણમાં જણાવેલ છે કે, આ અધિનિયમમાં ગુન્હાહિત માનસિક સ્થિતિમાં ઈરાદો પ્રેરક/પ્રવર્તક કોઇ હકીકતોનું જ્ઞાન તથા કોઇ હકીકત અંગે વિશ્વાસ અથવા વિશ્વાસ કરવા માટે કોઈપણ કારણનો સમાવેશ થાય છે. આમ, આ કાયદાની કલમ ૨૯ અને ૩૦ વંચાણે લેતા આરોપી વિરુદ્ધ અમુક ગુન્હાઓ અંગે માની લેવા માટે તેમજ આરોપીની ગુન્હાહિત માનસિક સ્થિતિ અંગે માની લેવા બાબતે આરોપી વિરુદ્ધ જે અનુમાનો કરવામાં આવેલા છે તેની ફાઉન્ડેશન ફેક્ટ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર છે, પરંતુ જયારે આવી ફાઉન્ડેશન ફેક્ટ ફરિયાદપક્ષ દ્વારા રેકર્ડ ઉપર રજુ કરવામાં આવે પરંતુ આવી ફાઉન્ડેશન ફેક્ટ પુરાવાથી ફરિયાદપક્ષ દ્વારા રેકર્ડ ઉપર રજુ કરવામાં આવે ત્યારે આરોપી વિરુદ્ધ કલમ ૨૯ અને કલમ ૩૦ માં જણાવ્યા મુજબના અનુમાન કરવાના થાય છે, પરંતુ, આવું અનુમાન તે નિર્ણાયક નથી કારણ કે, આરોપીને આવા અનુમાનનું પોતાના બચાવમાં ખંડન કરવાની તક રહેલ છે ત્યારે આ કામના આરોપી વિરુદ્ધ જાતિય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ મુજબ જેની વ્યાખ્યા કલમ ૩ તથા ૫ માં કરવામાં આવેલી છે અને તેની સજાની જોગવાઇ કલમ ૪ તથા ૬ માં કરવામાં આવેલી છે તેમજ કલમ–૧૭ મુજબ ગુનામાં મદદગારી અને એબેટમેન્ટ કરવા માટે સજાની જોગવાઈ કરવામા આવેલ છે અને તે ગુન્હો કર્યાનો આરોપી વિરુદ્ધ ફરિયાદપક્ષ દ્વારા આક્ષેપ કરવામાં આવેલ છે અને તે અંગેનું તહોમતનામું અત્રેની કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલ છે તેવા સંજોગોમાં રેકર્ડ ઉપર ફરિયાદપક્ષ તર્ફે રજુ કરેલ પુરાવો તથા આરોપી દ્વારા તેના બચાવમાં ઉપસ્થિત કરવામાં આવેલ તકરારનું મુલ્યાંકન કરતી વખતે કલમ ૨૯ તથા કલમ ૩૦ માં આરોપી તરફે કરવામાં આવેલ અનુમાન ધ્યાને લેવાના થાય છે.

૧૧) સર્વ પ્રથમ ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ,૯ માસ અને ૯ દિવસની એટલે કે સગીર વયની હતી કે કેમ ? તે

સંબંધે ફરીયાદપક્ષ તરફે પ્રોસી.વીટનેશ નં.૩ પીંટુલાલ વિદ્યામંદિર,બોરીયા ખાતે ઈનચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવતા દેવરાજસિંહ અજીતસિંહ ખેરને આંક–૧૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે,આ સાહેદે તેમના પુરાવા દરમ્યાન આંક–૧૮ થી તેમની શાળાના જનરલ રજી.ના ઉતારાની ખરીનકલ તથા આંક–૨૦ થી તેઓએ પોતાના હોદાની રૂએ ભોગબનનારની જનમ તારીખની ખરાઈ કરી આપેલ પ્રમાણપત્ર રજુ કરેલ છે,જેમા ભોગબનનારની જન્મ તા.૧૧/૧૧/૨૦03 ની દર્શાવેલ છે તેમજ આ કામે ફરીયાદીએ પોતાના પુરાવા દરમ્યાન આંક–૧૧ થી રજુ કરેલ ફરીયાદ વંચાણે લેતા તેમા પણ ફરીયાદીએ ભોગબનનારની જન્મ તા.૧૧/૧૧/૨૦03 ની લખાવેલ છે તેમજ આંક–૧૪ થી રજુ કરેલ ભોગબનનારનું સી.આર.પી.સી.કલમ–૧૬૪ નું નિવેદન વંચાણે લેતા તેમા પણ ભોગબનનારે પોતાની જન્મ તા.૧૧/૧૧/૨૦03 ની જણાવેલ છે,આમ ઉપરોકત દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા તે ભોગબનનારનું જ હોવાનું અને તેમાં જણાવેલ ભોગબનનારની જન્મ તારીખ સાચી હોવાનું માની શકાય તેમ છે તે હકીકત લક્ષમાં લેતા ભોગબનનારની જન્મ તા.૧૧/૧૧/૨૦03 ની છે અને બનાવના દિવસે ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ,૯ માસ અને ૯ દિવસની હતી એટલે કે **બનાવ સમયે ભોગબનનાર સગીર વય**ના હતા તેવી હકીકત ફરિયાદપક્ષ નિઃશંક રીતે પુરવાર કરવામાં સફળ થયેલ છે તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે.

૧૨) ફરિયાપક્ષનો કેસ જોતા, આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨) (ઈ.પી.કો.કલમ–૩૬૩) તથા બી.એન.એસ.ની કલમ–૮૭ (ઈ.પી.કો.કલમ–૩૬૬) મુજબના ગુનાનું તહોમત છે. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨) (ઈ.પી.કો.કલમ–૩૬૩)નાં ગુનામાં ભોગબનનાર સગીર યુવતીની બાબતમાં સંમતિ હતી તે બાબત અગત્યની નથી,પરંતુ તેણીનું તેણીના વાલીના,વાલીપણામાંથી ખસેડી જવાનું આરોપીનું કૃત્ય જાતે ગુન્હો બને છે. જો કોઇ સગીર વયની યુવતી હોય અને પોતાની ઇચ્છાથી આરોપી સાથે ચાલી નીકળેલ હોય તો તે વાજબી નથી. આ અવસ્થામાં તેણી આરોપી સાથે હતી, તે જ આરોપી દ્વારા તેણીને લલચાવી, ફોસલાવી, લોભાવી કે લાલચ–ધમકી આપીને અપહરણ કરી, લઇ ગયેલ હોવાનું સાબિત કરે છે.

તે જ રીતે બી.એન.એસ.ની કલમ–૮૭ (ઈ.પી.કો.કલમ–૩૬૬) ના તહોમતને સંબંધ છે, ત્યાં સુધી આ તહોમતની સાબિતી માટે થઇને પ્રથમ એવું દર્શાવવાનું રહે છે કે, આરોપી દ્વારા ભોગ બનનારને આ બનાવમાં લલચાલી–ફોસલાવી અને લગ્ન કરવાના ઈરાદે કે લગ્ન બાહ્ય સંભોગ

કરવાના ઈરાદે કે વ્યભિચાર કરવાના ઈરાદે ખોટુ નિરુપણ કરીને ભગાડી જવામાં આવેલ હતી અને તો જ બી.એન.એસ.ની કલમ–૮૭ (ઈ.પી.કો.કલમ–૩૬૬) નું તહોમત સાબિત માની શકાય. આ તહોમતની સાબિતી માટેના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

**(૧) ભોગ બનનારનું આરોપીએ અપહરણ કે અપનયન કરેલ હતુ.**

**(૨) આવુ અપહરણ કે અપનયન**

**(અ) તેને કોઈપણ વ્યકિત સાથે અનિચ્છાએ લગ્ન કરવાની ફરજ પાડવાના ઈરાદે કે એવી ફરજ પડાશે તેવી સંભાવનાનીજાણ અથવા**

**(બ) એને વ્યભિચાર કરવાની ફરજ પડશે કે પડાશે અથવા**

**(ક) તેણીને બીજી વ્યકિત સાથે વ્યભિચાર કરવાની ફરજ પડે કે ફોસલાવી શકાય તેવા ઈરાદે કે એવી સંભાવનાની જાણ ગુન્હાહિત ધમકીથી કે બીજી કોઈ રીતે કરવામાં આવેલ હોવું જોઈએ.**

આ હકીકતની સાબીતી માટે થઈને શું પુરાવો રજુ કરવો, તે જોવામાં આવે તો જો ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષ કે તેની ઉપરની હોય તો તેનું અપનયન જ થઈ શકે, પરંતુ તે ૧૮ વર્ષથી નીચેની વયની હોય તો તેનું અપહરણ અને અપનયન બન્ને થઈ શકે. જો તેને બળ કે કપટથી લઈ જવામાં આવેલ હોવાનું સાબિત કરવામાં આવે તો તહોમતની સાબિતી માટે થઈને પણ ભોગ બનનાર સ્ત્રીનો ઈરાદો કે ઈચ્છા કે વર્તણુંક અગત્યના નથી. આરોપીનો ગુન્હો કરવાનો ઈરાદો જ માત્ર મહત્વના છે અને તેથી વધુ આ બનાવમાં પણ લોભ–લાલચ–કપટ કે બળથી ભોગ બનનારની સંમતિ લેવામાં આવેલ હોય તો પણ તે કશુ મહત્વ ધરાવતા નથી, તેવી સ્થિતિમાં આરોપીએ તેણીનું અપહરણ કરેલ હોવાનું અને તે ઉપરોક્ત તત્વોના અનુસંધાને કરવામાં આવેલ હોવાનું સાબિત કરવું જરુરી છે.

અલબત, નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓમાં ઠરાવ્યા મુજબ ૧૮ વર્ષથી નીચેની ઉંમરની ભોગ બનનાર હોવાનું સાબિત કરવામાં ન આવે અને ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરની ભોગ બનનાર હોય અને બનાવમાં તેની સંમતિ હોય તેવું સાબિત થયેલ હોય, તો કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ આરોપી પર મુકવામાં આવેલ તહોમત ટકી શકે નહિં.

૧૩) ઉપરોક્ત કાયદાકીય પરિસ્થિતિ નજર સમક્ષ રાખી રેકર્ડ ઉપરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ ગુન્હામાં સૌથી અગત્યનો પુરાવો ભોગબનનારનો ગણી શકાય. મુદા નં.૧ તથા ૨ ની તકરારી હકીકતનાં સંદર્ભમાં ફરીયાદપક્ષ તરફે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા

દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા તેમજ તે સાથે બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની પરસ્પર વિરોધી દલીલો ધ્યાને લેતા ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધનાં આક્ષેપીત ગુના પુરવાર કરવા માટે કુલ ૧૫ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને આ સાહેદોએ પોતાના પુરાવા દરમ્યાન કુલ ૩૭ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે, ત્યારે ફરીયાદપક્ષ તરફે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક વિશ્લેષણ કરતા સ્પષ્ટ થાય છે કે,ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનાર (જન્મ તા.૧૧/૧૧/૨૦૦૩, બનાવ સમયે ઉમર ૧૭ વર્ષ,૯ માસ અને ૯ દિવસ) એક વર્ષ ઉપર મોજે કુંભીયા (કસુમ્બીયા)ગામે દુકાનનો માલસામાન લેવા જતી હતી તે વખતે આરોપી નં.૧ નાએ તેણી સગીર વયની હોવાનુ સારી રીતે જાણતા હોવા છતા કારેલી થી કુંભીયા (કસુમ્બીયા)જતા રસ્તામા રોકી,પટાવી,ફોસલાવી,લલચાવી,ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી તેણીનુ અપહરણ અપનયન કરી આરોપી નં.૧ નાએ પોતાના ખેતરમાં લઈ જઈ અવારનવાર ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે શરીરી સુખ માણી બળાત્કાર કરી તેમજ આરોપી નં.૨ નાએ પણ ભોગબનનાર તેણી સગીર વયની હોવાનું જાણવા છતા આરોપી નં.૨ નાએ તેણીને પોતાનીપ્રેમજાળમાં ફસાવી,લલચાવી,ફોસલાવી,લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી તેણીનું અપહરણ અપનયન કરી ભોગબનનાર ને મોજે કારેલી ગામના ખેતરમા ભગાડી લઈ જઈ ભોગબનનાર સાથે તેણીની મરજી વિરુધ્ધ અવારનવાર શારીરીક સંબંધ બાંધી બળાત્કાર કરી ભોગબનનારને ગર્ભવતી બનાવી બાળકીને જન્મ અપાવી ઈ.પી.કો.કલમ-૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિ.૨૦૧૨ ની કલમ-૪,૬,૯ તથા ૧૦ મુજબનો ગુનો કરેલ છે તેવી જે તકકારી હકીકત જણાવેલ છે, તેના સંદર્ભમાં ફરીયાદપક્ષ તરફે ભોગબનનારનાં માતા ફરીયાદી વિદ્યાબેન ગુલાબભાઈ તડવી પ્રોસીકયુશન વિટનેસ નં.૧ ને આંક-૯ થી સોગંદ ઉપર તપાસવામા આવેલા છે,આ સાહેદને માર્ક ૭/૧ વાળી ફરીયાદ બતાવવામા આવતા તેમા પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવતા તેને આંક-૧૧ આપવામા આવેલ છે.આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો રજુ નહી કરતા તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામા આવેલ છે.ફરીયાદીનો પુરાવો વંચાણે લેવામાં આવે તો,તેમા મુખ્યત્વે તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,આરોપીઓ સાથે અમારે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને બંને આરોપીઓ મારી ભોગબનનાર દીકરી ને તેણી સગીરવયની છે તેવુ જાણવા છતાં તેણીને લલચાવી ફોસલાવી

લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાાના ઈરાદે અપહરણ કરી લઈ ગયેલ હોય અને તેણીની સાથે એકથી વધુ વખત તેણીની મરજી વિરુધ્ધ શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ બનેલુ નથી અને આરોપી નં.ર થી ભોગબનનારને કોઈ ગર્ભ રહેલ નથી કે ભોગ બનનાર બાળકીના કુદરતી પિતા તે આરોપી નં.ર નથી અને આરોપી મારા ગામાના હોવાથી હું તેમને ઓળખુ છું અને પોલીસે તૈયાર લખેલી ફરીયાદમાં મારા જમણા હાથના અંગુઠાનુ નીશાન લીધેલુ હતુ તે સિવાય ફરીયાદમાં શું લખેલુ છે તેની મને ખબર નથી અને મને ફરીયાદ વાંચી સંભળાવેલ નથી.આમ ફરીયાદીનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો ફરીયાદીએ પોતાના સોગંદપરના પુરાવા થકી ફરીયાદ હકીકતને બિલકુલ સમર્થન આપેલ નથી ત્યારે ફરીયાદીના પુરાવા થકી આરોપીઓ સામેના આક્ષેપિત અપરાધ પુરવાર થઈ શકતા નથી.

૧૪) આરોપી વિરુદ્ધ આક્ષેપિત આ ગુન્હાના આવશ્ય તત્વોના સંદર્ભમાં જોવામાં આવે તો ભોગબનનારનો પુરાવો સૌથી અગત્યનો પુરાવો ગણી શકાય.ફરીયાદપક્ષ તરફે આંક-૧૩ થી પ્રોસી.વીટનેશ નં.ર ભોગબનનારને સોગંદ ઉપર તપાસવામા આવેલા છે તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,આરોપીઓ સાથે અમારે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને બંને આરોપીઓ હું સગીરવયની છું તેવુ જાણવા છતાં મને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે મારૂ અપહરણ કરી લઈ ગયેલ હોય અને મારી સાથે એકથી વધુ વખત મારી મરજી વિરુધ્ધ શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ બનેલુ નથી અને આરોપી રઘુભાઈ પુનાભાઈ તડવીથી મને કોઈ ગર્ભ રહેલો નથી અને આરોપી રઘુભાઈ પુનાભાઈ તડવી તે મારી પુત્રી દીપીકાના કુદરતી પિતા નથી અને આરોપી મારા ગામાના હોવાથી હું તેમને ઓળખુ છું અને મેં પોલીસને કોઈ જ હકીકત લખાવેલી નથી પોલીસે ફકત મારુ નામ સરનામુ પુછેલુ હતુ અને મેં મેજીસ્ટ્રેટ સમક્ષ કોર્ટમાં જેહકીકત લખાવેલી છે તે મારી માતાએ શીખવાડેલી હતી તે જ લખાવેલી છે અને મેં બનાવ સમયે પહેરેલા મારા કપડા પોલીસને આપેલા હોય તેવુ બનેલ નથી અને મેં ડોકટરને પણ બનાવ અંગે કોઈ હકીકત લખાવેલી નથી. આ ભોગબનનાર સાહેદને તેણીનું સી.આર.પી.સી.કલમ-૧૬૪(બી.એન.એસ. એસ.ની કલમ-૧૮૩) મુજબનું નિવેદન બતાવવામા આવતા તેમા પોતાની સહી ઓળખી બતાવતા તે નિવેદનને આંક-૧૪ આપવામા આવેલ છે.આ ભોગબનનાર ફરીયાદપક્ષના સૌથી મહત્વના સાહેદ ફરીયાદપક્ષના કેસની હકકીતને બિલકુલ સમર્થન આપતા

ન હોય સ્પે.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામા આવેલ છે પરંતુ ત્યારબાદ પણ સ્પે.પી.પી.શ્રીએ પુછેલ પ્રશ્નના જવાબમા ભોગબનનારને પુછેલ હકીકતોની સ્પષ્ટ ઈન્કારી કરેલ છે. આમ ભોગબનનારની જુબાની વંચાણે લેતા આરોપીઓ તેણીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી,ફોસલાવી,લગ્ન કરવાની લાલચ આપી,બદકામ કરવાના ઈરાદે અપહરણ અપનયન કરી ભગાડી ગયેલ હોય કે તેણીની સાથે તેણીની મરજીથી કે મરજી વિરૂધ્ધ શારીરીક સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોય કે તેણીને ગર્ભ રાખી દીધેલ હોય તેવી કોઈ જ હકીકત પુરવાર થતી નથી.આમ ભોગબનનારનો પુરાવો વંચાણે લેતા તેણીએ પોતાના પોલીસ નિવેદન,બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ નાં નિવેદનની હકીકત કે ડોકટર સમક્ષની હિસ્ટ્રીની હકીકતને બિલકુલ સમર્થન આપેલ ન હોય અને તેનાથી વિરૂધ્ધની હકીકત સોગંદ ઉપરનાં પુરાવામા જણાવેલ હોય ત્યારે ફરીયાદપક્ષના આ સૌથી મહત્વનાં સાહેદનાં પુરાવાથી ફરીયાદપક્ષના કેસને બિલકુલ મદદ મળતી નથી,તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે.

૧૫) વધુમાં ફરીયાદપક્ષ તરફે આરોપી નં.૧ ની મેડીકલ તપાસ કરનાર તબીબી સાહેદ પ્રોસી.વીટનેશ નં.૪ ડો.પ્રશાંત દિનેશભાઈ રાજવાલાને આંક-૧૮(એ) થી સોગંદ ઉપર તપાસેલા છે,આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, તેઓએ તા.૨૧/૮/૨૦૨૧ ના રોજ આરોપીની મેડીકલ તપાસ કરેલ અને તપાસ કરતા આરોપીને કોઈ માનસીક રોગ હતો નહી અને આરોપીએ તા.૧૯/૮/૨૦૨૧ ના રોજ કપડા બદલેલા હતા અને આરોપીના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન જણાય આવેલ ન હતા અને ગુપ્ત ભાગમા કોઈ રોગ કે ઈજાના નિશાન જણાય આવેલ ન હતા અને તેઓનુ પેનીસ નોર્મલ હતુ અને ત્યારબાદ તેઓએ આરોપીના સેમ્પલ લઈ એફ.એસ.એલ.ને મોકલી આપેલા.વધુમાં આ તબીબી સાહેદ જણાવે છે કે તેમના અભિપ્રાય મુજબ આરોપી શરીર સંબંધ બાંધવા સક્ષમ હતો જે બાબતનુ તેઓએ સર્ટી.આપેલ.આ સાહેદને માર્ક ૭/૬ થી રજુ આરોપીનુ મેડીકલ સર્ટી.બતાવવામા આવતા તેમા પોતાની સહી ઓળખી બતાવતા તેને આંક-૧૯(એ) આપવામા આવેલ છે.આ સાહેદ બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સ્વીકારે છે કે હિસ્ટ્રી મેડીકલ સર્ટી. સાથે જોડી રજુ કરેલ નથી અને સેમ્પલો લેવા સ્ટાફની મદદ લીધેલી અને આરોપી શરીર સંબંધ બાંધવા સક્ષમ છે તે બાબતે મે ગુપ્તભાગની પ્રાથમીક તપાસ કરેલી તથા વીર્યના સેમ્પલ લીધેલ છે અને આરોપી શરીર સંબંધ બાંધવા સક્ષમ છે તે સ્પષ્ટપણે એફ.એસ.એલ.ના અહેવાલ પછી

કહી શકાય.

તે જ રીતે ફરીયાદપક્ષ તરફે ભોગબનનારની મેડીકલ તપાસ કરનાર તબીબી સાહેદ પ્રોસી.વીટનેશ નં.૫ ડો.વિમલ એસ.વસાવાને આંક–૨૦ થી સોગંદ ઉપર તપાસેલા છે,આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,તા.૨૧/૮/૨૦૨૧ ના રોજ તેઓએ ભોગબનનારની મેડીકલ તપાસ કરેલી અને તપાસ કરતા ભોગબનનારને માસીકની શરૂઆત બે વર્ષ પહેલા થયેલ હતી અને ભોગબનનારને આઠ માસનો જીવીત ગર્ભ હતો અને માસીકની છેલ્લી તા.૨૦/૧/૨૦૨૧ ની હતી અને ભોગબનનારની ડીલીવરી તા.૨૭/૧૦/૨૦૨૧ ની હતી અને એચ.આઈ.વી.ટેસ્ટ નેગેટીવ હતો.ત્યારબાદ ભોગબનનારે આ તબીબી સાહેદ સમક્ષ હિસ્ટ્રી જણાવેલ છે જે હિસ્ટ્રીનુ તબીબી સાહેદે પોતાના પુરાવામા વર્ણન કરી વધુમાં જણાવેલ છે કે તેઓએ ભોગબનનારના સેમ્પલ એફ.એસ.એલ.ખાતે મોકલવા માટે લીધેલા અને ભોગબનનારને સોનોગ્રાફી માટે રીફર કરેલા.જે બાબતનુ તેઓએ સર્ટી.આપેલ. આ સાહેદને માર્ક ૭/૭ થી રજુ ભોગબનનારનુ મેડીકલ સર્ટી.બતાવવામા આવતા તેમા પોતાની સહી ઓળખી બતાવતા તેને આંક–૨૧ આપવામા આવેલ છે.આ સાહેદ બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સ્વીકારે છે કે,ભોગબનનારને તેમની પાસે પોલીસ પેપર્સ સાથે લાવવામા આવેલા અને સેમ્પલો લેવા તેઓએ સ્ટાફની મદદ લીધેલી અને ભોગબનનાર પ્રેગનન્ટ છે તે બાબતે તેઓએ કોઈ મેડીકલ તપાસણી કરેલ નથી સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તેના પેટ અને દેખાવ પરથી એવુ લાગતુ હતુ અને તેમની તપાસ દરમ્યાન ભોગબનનારના શરીર પર આંતરીક કે બાહય ઈજાઓ જણાય આવેલ નથી.

તે જ રીતે ફરીયાદપક્ષ તરફે ભોગબનનારની મેડીકલ તપાસ કરનાર તબીબી સાહેદ પ્રોસી.વીટનેશ નં.૭ ડો.નિધી મુકેશભાઈ બલસારાને આંક–૩૬ થી સોગંદ ઉપર તપાસેલા છે,આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,તા.૨૧/૮/૨૦૨૧ ના રોજ તેઓએ ભોગબનનારની તપાસ કરતા ભોગબનનારને કલીનીકલી જોતા ૩૦ અઠવાડીયા નો ગર્ભ હતો જે બાળક ૧ કિલો ૨૦૦ ગ્રામનુ હતુ અને બાળકના ધબકારા નોર્મલ હતા.આ સાહેદને માર્ક ૭/૮ થી રજુ ભોગબનનારના કેસ પેપર્સ બતાવવામા આવતા તેમા પોતાની સહી ઓળખી બતાવતા તેને આંક–૩૭ આપવામા આવેલ છે.આ સાહેદ બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સ્વીકારે છે કે,ભોગબનનારે તેમની સમક્ષ કોઈ હિસ્ટ્રી જણાવેલ નથી

સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે,હિસ્ટ્રી એસ.ડી.એચ.ગરૂડેશ્વર ખાતે લેવામા આવેલ હતી અને ભોગબનનારે કોનો ગર્ભ છે તે હકીકત જણાવેલ નથી.

તે જ રીતે ફરીયાદપક્ષ તરફે આરોપી નં.૨ તથા અન્ય એક ઈસમ સુરજનભાઈ નરેશભાઈ તડવીના ડી.એન.એ.સેમ્પલ લેનાર તબીબી સાહેદ પ્રોસી.વીટનેશ નં.૧૨ ડો.કૃપાબેન અશોકકુમાર વસાવાને આંક-૯૪ થી સોગંદ ઉપર તપાસેલા છે,આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,તા.૨/૨/૨૦૨૫ ના રોજ તેઓએ બંને વ્યકિતઓની તપાસ કરેલી અને ડી.એન.એ.નમુના માટે મલ્સટીપલ નમુનાઓ એફ.એસ.એલ.મા મોકલવા માટે લીધેલા તેમ જણાવી ડી.એન.એ.સર્ટી. તથા પોલીસ યાદીમા પોતાની સહી ઓળખી બતાવી આંક-૯૫ થી આંક-૯૮ સુધી રજુ કરેલ છે.આ સાહેદ બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સ્વીકારે છે કે,તેઓએ પોલીસ યાદીના આધારે તપાસ કરેલી અને તેઓએ બંને વ્યકિતઓના ડી.એન.એ.સેમ્પલ લીધેલ હતા તે સીવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.આમ આ તબીબી સાહેદો નો પુરાવો વંચાણે લેતા ભોગબનનારનું યોનીપટલ તુટેલુ હતુ અને તેણીની સાથે શરીર સંબંધ બંધાયેલાની શક્યતા નકારી શકાય તેમ નહી હોવાનું તેમજ આરોપીઓ શરીર સંબંધ બાંધવા માટે સક્ષમ હોવાનું માનવામાં આવે તો પણ અગાઉ ચર્ચા કર્યા મુજબ ખુદ ભોગબનનારે તેણીના પુરાવામાં આરોપીઓએ તેણીની સાથે શારીરિક સંબંધ બાંધેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ ન હોય ત્યારે તેણીનું યોનીપટલ તુટેલ હોવા માત્રથી આરોપીઓએ તેણીની સાથે શારીરિક સંબંધ બાંધેલાનું માની શકાય નહી, તેવા સંજોગોમાં આરોપીઓએ ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધેલ હતો તેવી હકીકત ફરીયાદપક્ષ નિ:શંકરીતે પુરવાર કરવા સંદરત નિષ્ફળ ગયેલ છે તેમ માનવાને સ્પષ્ટ કારણ રહે છે અને તેથી તબીબી સાહેદોના પુરાવાથી જયારે ખુદ ભોગબનનાર તબીબી સાહેદોએ તેમના પુરાવામાં જણાવેલ હિસ્ટ્રીની હકીકતે સમર્થન આપતા નથી ત્યારે તબીબી સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષ ના કેસને ખાસ કોઈ મદદમળતી હોવાનું જણાય આવતુ નથી.

૧૬) તે જ રીતે ફરીયાદપક્ષ તરફે પ્રોસી.વીટનેશ નં.૧૫ સાઈન્ટીફીક ઓફીસર શ્રી અશ્વિનભાઈ અનિલભાઈ ગામીતને આંક-૧૦૯ થી સોગંદ ઉપર તપાસેલા છે,આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,તેઓએ આરોપી નં.૨ નુ ડી.એન.એ.પરીક્ષણ કરતા તેમાથી ડી.એન.એ.મળી આવેલ હતા અને આરોપી નં.૨

ભોગબનનારે જન્મ આપેલ બાળકના કુદરતિ પિતા હતા અને અન્ય વ્યકિત સુરજનભાઈ નરેશભાઈ તડવીનુ ડી.એન.એ.પરીક્ષણ કરતા તે ભોગબનનારે જન્મ આપેલ બાળકના કુદરતિ પિતા હોવાનુ જણાય આવેલ ન હતુ તેમ જણાવી આ સાહેદે ફોરવર્ડીંગ લેટર,ડી.એન.એ.પરીક્ષણ અહેવાલ તથા મુદામાલ મળ્યાની પહોંચ અનુક્રમે આંક ૧૧૦ થી ૧૧૨ સુધી રજુ કરેલ છે.આ સાહેદ બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સ્વીકારે છે કે,ગર્ભ ધારણ કરવા માટે આઈ.વી.એફ.સહીત ઘણી બધી પધ્ધતિ હોય છે.હવે,આ સાહેદના પુરાવા સાથે ભોગબનનારનો પુરાવો વંચાણે લેવામા આવે તો તેમા તેઓએ સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે,બંને આરોપીઓ તેઓની સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય તેવુ બનેલુ નથી અને આરોપી રઘુભાઈ પુનાભાઈ તડવીથી તેણીને કોઈ ગર્ભ રહેલો નથી અને આરોપી રઘુભાઈ પુનાભાઈ તડવી તે તેણીની પુત્રી દીપીકાના કુદરતી પિતા નથી,ત્યારે ફરીયાદપક્ષના કેસને ભોગબનનારના સોગંદ ઉપરના મૌખિક પુરાવાથી સમર્થન મળી શકેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના મહત્વના સાહેદના સોગંદ ઉપરના મૌખિક પુરાવાના સમર્થનના અભાવે ડી.એન.એ.રીપોર્ટ કે જે એક સાઈન્ટીફીક ઓપીનીયન અને પુરાવો છે તેને સોલ બેઈઝ ઓફ કન્વીકશન બનાવી શકાય નહી. તે જ રીતે ફરીયાદપક્ષના મહત્વના સાહેદ ભોગબનનાર આરોપીઓએ તેણીની સાથે સંભોગ કરેલ હોવાનુ જણાવતા ન હોય તેવા સંજોગોમાં આરોપીઓએ સંભોગ કરેલ હોવાનુ માની શકાય નહી. વધુમાં મુદામાલ સેમ્પલનુ પરીણામ જે સાઈન્ટીફીક એવીડન્સ છે તેના ઉપર પણ આધાર રાખી શકાય નહી તેવા સંજોગોમાં સાઈન્ટીફીક એવીડન્સ અને ભોગબનનારના સોગંદ ઉપરના પુરાવાનુ વિશ્લેષણ કરતા ભોગબનનારના સોગંદ ઉપરના પુરાવા પર આધાર રાખી શકાય,તેવા સંજોગોમાં આવા ડી.એન.એ.સેમ્પલના આધારે રજુ કરેલ ડી.એન.એ.રીપોર્ટ પર આધાર રાખી શકાય તેમ નથી અને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તેને સોલ બેઈઝ ઓફ કન્વીકશન પણ બનાવી શકાય તેમ નથી. વધુમાં બી.એસ.એ.(ભા.પુ.અ.ની કલમ ૨૫ )ની કલમ ૨૩ ની જોગવાઈ વંચાણે લેતા હિસ્ટ્રી પર આધાર રાખી શકાય તેમ નથી, તેવા સંજોગોમાં આ સાહેદનો પુરાવો વંચાણે લેતા તેનાથી આરોપીઓને ગુના સાથે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

૧૭) તે જ રીતે ફરીયાદપક્ષ તરફે આરોપીના કપડા કબજે કર્યાનાં તથા ભોગબનનારના કપડા કબજે કર્યાનાં પંચનામાનાં પંચસાહેદ પ્રોસી.વીટનેશ નં.૮ શંકરભાઈ ભાથુભાઈ બારીયા

ને આંક–૩૮ થી સોગંદ ઉપર તપાસેલા છે,આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, તા.૨૧/૦૮/૨૦૨૧ ના રોજ હું ગરૂડેશ્વર તાલુકાના કારેલી ગામે ત.ક.મંત્રી તરીકે ફરજ પર હાજર હતો ત્યારે ગરૂડેશ્વર પોલીસ સ્ટેશનમાં અમોને સી.પી.આઈ.શ્રી ડી.બી.શુક્લનાઓએ બોલાવેલા જ્યાં અમે પંચ તરીકે રોકાયેલા જ્યાં આરોપીના કપડાં કબજે કર્યાંનું પંચનામુ કરવાનુ હોય જેમાં આરોપી હાજર હોય જેનું નામ પૂછતા વિપુલભાઈ ગોરધનભાઇ તડવી જણાવેલ અને જેઓએ બનાવ સમયે પહેરેલ કપડાં રજુ કરતા જેમાં પીળા કલરનો આખી બાયનો શર્ટ, ભુરા કલરનો જિન્સ પેન્ટ તથા મરૂણ કલરની ચડ્ડી હતી જે ત્રણેય કપડાંને અલગ–અલગ કાગળમાં વિંટાળી જેમાં અમારા પંચોની સહી વાળી કાપલી મૂકી શીલબંધ પેક કરી ગુનાના કામે કબજે કરેલ અને આરોપીને અટક કરેલ અને મારી સાથે બીજા પંચ તરીકે રાજુભાઈ જયંતિભાઈ તડવી પણ હતાં.આ સાહેદને નિશાની ૭/૪ વાળુ પંચનામુ બતાવવામાં આવતા તેમા પોતાની સહી ઓળખી બતાવતા તેને આંક–૩૯ આપવામા આવેલ છે તેમજ સાહેદને મુદ્દામાલ પાર્સલ–એફ કે જે શીલબંધ હાલતમાં હોય જેને તોડતા તેમાંથી પીળા રંગનો આખી બાયનો શર્ટ બતાવવામા આવતા જણાવે છે કે તે મારી રૂબરૂ કબજે કરવામાં આવેલો તે તે જ છે અને તેમાથી એક કાપલી નિકળતા તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવતા તેને આંક–૪૦ આપવામા આવેલ છે તેમજ સાહેદને મુદ્દામાલ પાર્સલ–જી કે જે શીલબંધ હાલતમાં હોય જેને તોડતા તેમાંથી ભુરા રંગનો જિન્સ પેન્ટ છે તે બતાવવામા આવતા જણાવે છે કે તે મારી રૂબરૂ કબજે કરવામાં આવેલો તે તે જ છે અને તેમાથી એક કાપલી નિકળતા તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવતા તેને આંક–૪૧ આપવામાં આવેલ છે તેમજ સાહેદને મુદ્દામાલ પાર્સલ–એચ કે જે શીલબંધ હાલતમાં હોય જેને તોડતા તેમાંથી મરૂણ રંગની ચડ્ડી બતાવવામા આવતા જણાવે છે કે તે મારી રૂબરૂ કબજે કરવામાં આવેલી તે તે જ છે અને તેમાંથી એક કાપલી નિકળતા તેમા પંચ નં. ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવતા તેને આંક–૪૨ આપવામા આવેલ છે.વધુમાં આ સાહેદ જણાવે છે કે,તા.૨૨/૦૮/૨૦૨૧ ના રોજ હું ગરૂડેશ્વર તાલુકાના કારેલી ગામે ત.ક.મંત્રી તરીકે ફરજ પર હાજર હતો ત્યારે ગરૂડેશ્વર પોલીસ સ્ટેશનમાં અમોને સી.પી.આઈ. ડી.બી.શુક્લનાઓએ બોલાવેલા જ્યાં અમે પંચ તરીકે રોકાયેલા જ્યાં ભોગ બનનાર ના કપડાં કબજે કર્યાંનું પંચનામુ કરવાનું હોય જેમાં ભોગબનનાર હાજર હોય જેનું નામઠામ પૂંછેલું જે તેમને જણાવેલું અને જેઓએ બનાવ સમયે પહેરેલ કપડાં રજુ કરતા જેમાં વાદળી કલરનો ટોપ, લાલ કલરની લેંઘી, પીળા અને કાળા ટપકાંવાળી ઓઢણી હતી જે ત્રણેય કપડાંને અલગ–અલગ

કાગળમાં વિંટાળી જેમાં અમારા પંચોની સહી વાળી કાપલી શીલબંધ પેક કરી ગુનાના કામે કબજે કરેલ અને મારી સાથે બીજા પંચ તરીકે ગીતાબેન હીરાલાલ મહેરીયા પણ હતા.આ સાહેદને નિશાની ૭/૫ વાળુ પંચનામુ બતાવવામાં આવતા તેમા પોતાની સહી ઓળખી બતાવતા તેને આંક–૪૩ આપવામાં આવેલ છે.વધુમાં સાહેદને મુદ્દામાલ પાર્સલ–સી કે જે શીલબંધ હાલતમાં હોય જેને તોડતા તેમાંથી વાદળી રંગનો ટોપ બતાવવામા આવતા જણાવે છે કે તે મારી રૂબરૂ કબજે કરવામાં આવેલો તે તે જ છે અને તેમાંથી એક કાપલી નિકળતા તેમા પંચ નં. ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવતા તેને આંક–૪૪ આપવામા આવેલ છે તેમજ સાહેદને મુદ્દામાલ પાર્સલ–ડી કે જે શીલબંધ હાલતમાં હોય જેને તોડતા તેમાંથી લાલ રંગની લેંઘી બતાવવામા આવતા જણાવે છે કે તે મારી રૂબરૂ કબજે કરવામાં આવેલી તે તે જ છે જેમાંથી એક કાપલી નિકળતા તેમા પંચ નં. ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવતા તેને આંક–૪૫ આપવામા આવેલ છે તેમજ સાહેદને મુદ્દામાલ પાર્સલ–ઈ કે જે શીલબંધ હાલતમાં હોય જેને તોડતા તેમાંથી પીળા–કાળા રંગની ઓઢણી બતાવવામા આવતા જણાવે છે કે તે મારી રૂબરૂ કબજે કરવામાં આવેલી તે તે જ છે અને જેમાંથી એક કાપલી નિકળતા તેમાં પંચ નં. ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવતા તેને આંક–૪૬ આપવામા આવેલ છે.આ સાહેદ બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સ્વીકાર કરે છે કે,પંચનામામાં જે સહી કરેલી છે તે પંચનામા માટે અમો બપોરે ૨:૦૦ કલાકે નીકળેલા અને રાજુભાઈ અને ગીતાબેન બધાં જોડે હતા અને અમો દસ–વીસ મિનીટમાં ત્યાં પહોંચી ગયેલા અને જે કપડાં આજરોજ ઓળખી બતાવ્યાં છે તે પોલીસ સ્ટેશનમાં એક ખૂણામાં પડ્યાં હતાં જે પોલીસે મને બતાવ્યાં અને સહી લીધેલી અને મારી સહી લીધા બાદ રાજુભાઈ અને ગીતાબેનની સહી પણ લીધેલી અને આ સહી મેં પોલીસ સ્ટેશનમાં કરી ત્યારબાદ મારે ફરીવાર પોલીસ સ્ટેશનમાં જવાનો પ્રસંગ બનેલો નહી અને હું પંચ તરીકે બીજી વાર પંચનામાની કાર્યવાહીમાં પંચ તરીકે રહેલો છુ અને આજ રોજ મેં જે હાલ જુબાની આપી છે તે કાપલીમાંથી વાંચીને જણાવું છું. આમ,આ સાહેદનો પુરાવો વંચાણે લેવામા આવે તો તેઓએ સરતપાસમાં અમુક અંશે પંચનામાની હકીકતોને સમર્થન આપેલ હોવાની હકીકત જણાય આવે છે પરંતુ આ સાહેદના પુરાવા સાથે ભોગબનનારનો પુરાવો વંચાણે લેવામા આવે તો તેમા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેઓએ બનાવ સમયે પહેરેલ કપડા પોલીસને આપેલ હોય તેવુ બનેલ નથી,આમ ફરીયાદપક્ષના અતિ મહત્વના સાહેદ ભોગબનનાર જ જયારે ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર પણ સમર્થનકારી પુરાવો આપતા ન હોય ત્યારે આ પંચસાહેદના પુરાવા ઉપર આધાર રાખી પંચનામુ નિ:શંકપણે પુરવાર

થયેલ હોવાનુ માની શકાય નહી.વધુમાં આ બંને પંચનામાની હકીકતો ધ્યાને લેતા તેના ઉપરથી માત્ર આરોપી અને તથા ભોગબનનારના કપડા કબજે કર્યાની જ હકીકત પુરવાર થાય છે તેથી વિશેષ આરોપીને ગુના સાથે સાંકળતી કોઈ જ હકીકત આ પંચનામાઓ ઉપરથી પુરવાર થતી નથી.વધુમાં આંક–૩૯ વાળા પંચનામાના બીજા પંચસાહેદ રાજુભાઈ જયંતીભાઈ તડવી તથા આંક–૪૩ વાળા પંચનામાના બીજા પંચસાહેદ ગીતાબેન હીરાલાલ મહેરીયાને ફરીયાદપક્ષ તરફે આંક–૫૧ થી ડ્રોપીંગ પુરશીષ આપી ડ્રોપ કરવામા આવેલ છે.

૧૮) તે જ રીતે ફરીયાદપક્ષ તરફે ગુનાવાળી જગ્યા તથા આરોપીને અટક કર્યાનાં પંચનામાનાં પંચસાહેદ પ્રોસી.વીટનેશ નં.૯ રતિલાલ નારણભાઈ તડવીને આંક–૪૭ થી તથા આ જ પંચનામાના બીજા પંચસાહેદ પ્રોસી.વીટનેશ નં.૧૦ ભરતભાઈ ગણપતભાઈ તડવી ને આંક–૫૦ થી સોગંદ ઉપર તપાસેલા છે.આ બંને પંચસાહેદોને આંક–૪૮ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા આંક–૪૯ વાળુ આરોપીને અટક કર્યાનું પંચનામુ બતાવાવમા આવતા તેમા પોતાની સહીઓ ઓળખી બતાવે છે,પરંતુ આ બંને પંચસાહેદો પંચનામાઓની હકીકતોને સમર્થન નહી આપતા તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામા આવેલા છે અને બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા સ્વીકારેલ છે કે,તૈયાર પંચનામાઓમાં તેઓએ સહી કરેલી અને તે સીવાય તેઓ બીજુ કશુ જાણતા નથી અને આરોપી તેમના ગામનો હોય તેથી ઓળખુ છુ,ત્યારે આ બંને પંચસાહેદોના પુરાવા થકી ફરીયાદપક્ષ આંક–૪૮ તથા આંક–૪૯ વાળા પંચનામાઓ પુરવાર કરવામા તદન નિષ્ફળ નિવડેલા છે.

૧૯) વધુમાં ફરીયાદપક્ષ તરફે પ્રોસી.વીટનેશ નં.૬ ફરીયાદીની ફરીયાદ લેનાર પી.એસ.આઈ.શ્રી મહંમદ ઈશાક ઈબ્રાહીમભાઈ શેખને આંક–૩૦ થી,પ્રોસી.વીટનેશ નં.૧૧ ત.ક.અ.શ્રી દિલીપકુમાર બળવંતરાય શુકલને આંક–૫૩ થી,પ્રોસી.વીટનેશ નં.૧૩ ત.ક.અ.શ્રી અરૂણભાઈ દિનુભાઈ ગામીતને આંક–૧૦૦ થી તથા પ્રોસી.વીટનેશ નં.૧૪ ઈનચાર્જ પી.આઈ. શ્રી યોગરાજસિંહ હરીસીંહ પઢીયારને આંક–૧૦૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે,આ તમામ સાહેદોએ પોતાના પુરાવા દરમ્યાન આંક–૩૧ થી સ્ટેશન ડાયરીનો ઉતારો,આંક–૫૪ થી મુદામાલ એફ.એસ.એલ.માં મોકલ્યાની રવાનગી નોંધ,આંક–૫૫ થી એફ.એસ.એલ. એ મુદામાલ સ્વીકાર્યાની પહોંચ,આંક–૫૬ થી એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર,આંક–૫૭ થી એફ.એસ.એલ.નો બાયોલોજી પરીક્ષણ અહેવાલ,આંક–૬૦ થી એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ

લેટર,આંક–૬૧ થી ડી.એન.એ.પરીક્ષણ અહેવાલ,આંક–૧૦૧ થી આંક–૧૦૩ સુધી એફ.એસ.એલ.ને કરેલ યાદી,આંક–૧૦૪ થી આરોપી નં.૨ ના આધારકાર્ડ ની નકલ તથા આંક–૧૦૭ થી મુદામાલ એફ.એસ.એલ.માં મોકલ્યાની રવાનગી નોંધ રજુ કરવામા આવેલ છે, ત્યારબાદ સ્પે.પી.પી.શ્રીએ આંક–૧૧૩ થી કલોઝીંગ પુરશીષ રજુ કરતા ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થઈ શકેલ નથી.સદર આંક–૫૭ વાળો એફ.એસ.એલ.નો બાયોલોજી પરીક્ષણ અહેવાલ વંચાણે લેતા આરોપી કે ભોગબનનારના પોલીસે પંચનામાની વિગતે કબજે કરેલ કપડામાથી રૂધીર કે વીર્યની હાજરી મળી આવેલ નથી, તેવા સંજોગોમાં આંક–૪૩ ના પંચનામાની વિગતે કબજે કરેલા કપડા ભોગબનનારના છે તેવુ નિ:શકરીતે પુરવાર થતુ નથી,આમ આ પોલીસ સાહેદોનો પુરાવો વંચાણે લેતા તેઓને બનાવની કોઈ અંગત માહીતી નથી, તેઓએ ફકત પોતાની ફરજના ભાગરૂપે ફરીયાદ લઈ ગુનો દાખલ કરાવી તપાસ કરી ચાર્જસીટ રજુ કરેલ છે, પરંતુ તેમ છતા આ તપાસ કરનાર અમલદારે કરેલ તપાસ સ્પષ્ટ રીતે તટસ્થ અને નિષ્પક્ષ જણાય આવતી નથી કારણ કે સદર કામે તપાસ કરનાર અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલા નથી તેમજ ભોગબનનારે પણ પોલીસ નિવેદનની હકીકતોને સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન બિલકુલ સમર્થન આપેલ નથી,તેવા સંજોગોમા આ પોલીસ સાહેદોનાં પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદ મળતી હોવાનુ જણાય આવતુ નથી.

૨૦) સમગ્ર હકીકતે,ફરીયાદપક્ષ તરફે રેકર્ડ પર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક વિશ્લેષણ કરતા ઉપરોકત કરેલ સવિસ્તૃત ચર્ચાના અંતે ફરીયાદપક્ષ તરફે મહત્વનાં બે સાહેદો ભોગબનનારના માતા તથા ભોગબનનારને અનુક્રમે આંક–૯ તથા આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને ઉપરોકત સવિસ્તૃત ચર્ચા કર્યા મુજબ ફરીયાદી તથા ભોગબનનારે પોતાના સોગંદપરના પુરાવા થકી ફરીયાદપક્ષના કેસને બિલકુલ સમર્થન આપેલ નથી.તેવી જ રીતે એફ.એસ.એલ.નો પૃથ્થકરણ અહેવાલ વંચાણે લેતા આરોપી કે ભોગબનનારના કપડામાથી આરોપીને ગુના સાથે સાંકળતા કોઈ સાઈન્ટીક પુરાવા મળી આવેલ નથી. તેવી જ રીતે પોલીસ સાહેદોને બનાવની અંગત માહીતી નથી, તેઓએ પોતાની ફરજના ભાગરૂપે ફરીયાદ લઈ, ગુનો દાખલ કરી, તપાસ કરી, ચાર્જસીટ કરેલ છે. તેવી જ રીતે તપાસ કરનાર અમલદારે કરેલ તપાસ નિષ્પક્ષ કે તટસ્થ હોવાનુ જણાય આવતુ નથી,

અને તેથી આરોપીઓને ગુના સાથે સાંકળતા કોઈ પુરાવા રેકર્ડ ઉપર આવી શકેલા નથી, તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનાં આક્ષેપિત ગુના નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલા છે, તેમજ ભોગબનનારે પોલીસ નિવેદન, બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન કે ડોકટર સમક્ષની હિસ્ટ્રીની હકીકતને સમર્થન આપેલ નથી અને તેથી ફરીયાદપક્ષના કેસનાં સૌથી મહત્વના સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષનાં કેસને સમર્થન પ્રાપ્ત થયેલ નથી અને તેથી પણ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનાં આક્ષેપો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે તેમ માનવાને કારણ રહે છે, જયારે આરોપીપક્ષ શકયતાઓની સંભવિતતાનાં આધારે પોતાના બચાવની હકીકત વ્યાજબી રીતે પુરવાર કરવામા સફળ ગયેલા છે તેમ માનવાને કારણ રહે છે,તેથી મુદા નં. ૧ થી ૨ નો જવાબ ''નકાર'' માં આપી આરોપીઓને તેમની સામેના આક્ષેપીત ગુનામાથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવા સીવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો ન હોય, મુદા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:- **આ ખ રી હુ ક મ** -:

૧. આ કામના આરોપી **(૧) વિપુલભાઈ ગોરધનભાઈ તડવી,**ઉ.વ.૨૦,રહે.કુંભીયા (કસુમ્બીયા),તા.ગરૂડેશ્વર,જી.નર્મદા તથા **(૨) રઘુભાઈ પુનાભાઈ તડવી,**ઉ.વ.૩૦, રહે.કારેલી,તા.ગરૂડેશ્વર,જી.નર્મદાવાળાઓને ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૪ ની કલમ-૨૫૮ અન્વયે તેઓની વિરૂધ્ધનાં ઈ.પી.કો.કલમ-૩૬૩,૩૬૬, ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિ.૨૦૧૨ ની કલમ-૪,૬,૯ તથા ૧૦ મુજબ ના શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ પાવતી નં.૫૧/૨૦૨૧ તથા ૫૨/૨૦૨૧ માં દર્શાવેલ મુદામાલ આર્ટીકલ નં.૧ થી ૬ કે જે આરોપી તથા ભોગબનનારનાં કપડા છે તેનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

૩. બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧ અન્વયે આરોપી નં.૧ એ અપીલનાં સમય માટે રૂા.૧૫,૦૦૦/-(અંકે રૂા.પંદર હજાર પુરા)નાં જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો અથવા તેમનાં હાલનાં જામીનદારે અપીલનાં સમય માટે જામીન તરીકે ચાલુ રહેવા માટે લેખીત સંમતી-પુરશીષ રજુ કરવી, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

૪. બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧ અન્વયે આરોપી નં.૨ એ અપીલનાં સમય માટે રૂા.૧૫,૦૦૦/-(અંકે રૂા.પંદર હજાર પુરા)નાં જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

**૫.** આરોપી નં. ૨ જયુ.કસ્ટડીમાં હોય અન્ય કોઈ ગુનાનાં કામે આરોપીની જરૂરીયાત ન હોય તો આ ગુનાનાં કામેથી તાત્કાલીક જેલ મુકત કરવા જેલરશ્રી**,**જીલ્લા જેલ**,**રાજપીપળા ને યાદી મોકલી આપવી.

**૬.** આ ચુકાદાની નકલ સ્પે.(પોકસો) કેસ નં.૨૨/૨૦૨૫ નાં કામે સામેલ રાખવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– રાજપીપળા
તારીખ:–૧૧/૦૮/૨૦૨૬

(**અતુલકુમાર વિનોદભાઈ હિરપરા**)
સ્પેશ્યલ જજ–નર્મદા**,** મુ.રાજપીપળા
કોડ નં.જીજે.૦૦૬૫૬